# Mark Scheme

# November 2021

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0)
Paper 1H

# GCSE November 2021 Gujarati Higher tier

## Paper 1 Mark scheme

There are no marks for quality of language or spelling in this paper, therefore errors in the Gujarati script will be tolerated as long as the message is not ambiguous and it does not prevent communication. Such errors include where a candidate has mis-copied a Gujarati word or name.

**SECTION A**

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(a)** | કેળવણી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(b)** | પરિસ્થિતિ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(c)** | સુરક્ષિત | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(d)** | વિદેશમાં | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(e)** | જીવન | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(a)** | જાળવણી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(b)** | મદદરૂપ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(c)** | કાળજી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(d)** | જાળવણી/કાળજી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|

| | | |
|---|---|---|
| **2(e)** | આવશ્યક | **(1)** |

**SECTION B**

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(i)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(ii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(iii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(iv)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4** | B, D, F | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(i)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(ii)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(iii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(i)** | Develop a good reading habit<br>**AND**<br>Use the knowledge attained in life | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(b)** | Dressing up as a character of their choice from their reading | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(c)** | Teach about the advantages of varied reading | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **6(d)** | Their desire to buy books signed by the writers | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **7(a)** | Historic | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **7(b)** | Accept any **two** answers<br>Both are heritage sites<br>**OR**<br>Both sites have steps<br>**OR**<br>Both sites have religious significance | **(2)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **7(c)** | To enjoy nature | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **7(d)** | All equipment runs on solar energy | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **8(a)(i)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **8(a)(ii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **8(a)(iii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **8(b)(i)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **8(b)(ii)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **8(b)(iii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
| --- | --- | --- |
| **9(a)(i)** | Collect donations for the needy | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(ii)** | Live shows | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(iii)** | Youth club’s worldwide members | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(iv)** | Accept any **two** answers<br>Preparation of the information leaflet<br>**OR**<br>Preparation of the timetable<br>**OR**<br>Preparation of invitations<br>**OR**<br>Preparation of donation forms | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(i)** | Head of the youth club | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(ii)** | Music<br>**AND**<br>Songs | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iii)** | They were presented in traditional (Kathiavaadi) Gujarati dialect | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iv)** | They collected £10,000 in donations | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(i)** | C, E | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(ii)** | B, D | **(2)** |

Pearson
Edexcel

# Transcript

## November 2021

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0)
Paper 1H

## SECTION A

## ભવિષ્યની મહત્ત્વાકાંક્ષા

**પ્રશ્ન ૧**

ઉદાહરણ:

**F2**: નિશાળ પૂરી કર્યા પછી તમારી ભવિષ્યની મહત્ત્વાકાંક્ષા ે કહેશો.

**પ્રશ્ન ૧**

**M2:** મહત્ત્વાકાંક્ષા **વિનાનું જીવન એટલે દરિયામાં હિંચકોલા ખાતી નૈયા* જેવું જીવન. બાળપણથી દાદાજી સાથે રહેવાથી મને સમાજસેવાના સંસ્કારો મળ્યા હતા. મારો ઉદ્દેશ એક સમાજ-સેવક બનવાનો છે, માટે વિશ્વવિદ્યાલયમાં જવાને બદલે સરકારની *એપ્રિન્ટિસશીપ* યોજનામાં જોડાઈશ.**

**આ યોજનામાં તાલીમાર્થીઓને શૈક્ષણિક યોગ્યતા, તાલીમ અને વ્યવહારિક અનુભવની સાથે પગાર પણ મળે છે, તેથી તેમને માટે ઉચ્ચ ધોરણની નોકરી મેળવવાના દરવાજા ખૂલશે. હું ભારત જઈને ત્યાંના જરૂરિયાતમંદ લોકોની સાથે કામ કરીને તેઓને ખુશી આપવા માંગું છું.**

*નૈયા - boat

## કુદરતી સંપત્તિ

**પ્રશ્ન ૨**

**ઉદાહરણ:**

**M1:** પૃથ્વીની સંપત્તિમાં હવા, પાણી, છોડ તથા વૃક્ષોનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન ૨**

**M1:** જીવનને પોષણ આપતી આ પ્રાકૃતિક સંપત્તિમાંથી વીજળી, તેલ અને કોલસા જેવા પદાર્થો અને ઊર્જા બને છે. ઘરનાં સાધનો અને વાહનવ્યવહાર માટે તેનો ઉપયોગ વધવાથી દુનિયાનું વાતાવરણ બગડતું ગયું છે.

તેનો ધ્યાનપૂર્વક ઉપયોગ કરવાથી જોખમમાં મુકાયેલાં પ્રકૃતિનાં ધનનો અને ઘરખર્ચનો બચાવ થશે. વીજળીથી ચાલતાં સાધનોનો ઉપયોગ જરૂરિયાત પૂરતો જ કરવો. ઘરનાં કામ જેવાં કે નાહવું-ધોવું, રસોઈકામ, બાગકામ અને ગાડી ધોવા માટે નળને છૂટથી ખુલ્લો મૂકવો ન જોઈએ.

વૃક્ષોને સાચવવા, ટેલિફોનથી અથવા ઇ-મેઇલ દ્વારા સંદેશા, પત્રો કે કાર્ડ મોકલવા જોઈએ. નકામી વસ્તુઓનો ફરી ઉપયોગ કરવો જરૂરી છે. અમે અમારી નિશાળમાં *પર્યાવરણ દિન* ગોઠવી વિદ્યાર્થીઓને પ્રાકૃતિક સંપત્તિનો બચાવ કરવા વિશે માહિતગાર કરીશું.

## School subjects

**Question 3**

**Example:**

**M1:** મારે એ લેવલ માટે વિષયો પસંદ કરવાના છે અને હું ગૂંચવણમાં છું.

**Question 3**

**M1:** મને શારીરિક શિક્ષણ અને રસોઈ જેવા વ્યવહારિક વિષયોમાં રસ છે. હું તેમાં ખૂબ ધ્યાન આપીશ અને મહેનત કરીને આગળ વધીશ. મારા માતાપિતા સહમત નથી. તેઓ માને છે કે મારે ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન લેવાં જોઈએ, જેથી ભવિષ્યની કારકિર્દી માટે વધુ સારી તક મળી શકે.

**F2:** કારકિર્દીમાં સિદ્ધિ મેળવવા માટે યોગ્ય વિષયો લેવા જરૂરી છે. ખૂબ સહેલા વિષયો લેવાથી નવીનતા જતી રહે અને ઉત્સાહ ન રહે, તેથી પસંદગી કરવામાં ઉતાવળ ન કરવી. શિક્ષકો તથા માતાપિતાની સલાહ ધ્યાનથી સાંભળવી. ભવિષ્યનાં લક્ષ્યોનો વિચાર કરીને નિર્ણય લેવો એ સફળતા મેળવવાની શરૂઆત છે.

## An exchange trip

**Question 4**

**Example:**

**M1:** ત્રણ મહિના પહેલાં શાળામાંથી અમે ત્રણ વિદ્યાર્થીઓ વડોદરા ગયા હતા.

**Question 4**

**M1:** અદલાબદલીના વિદ્યાર્થીઓનાં ઘરે રહીને અમને અમારાં રોજિંદાં જીવન, પારિવારિક પરંપરા અને સંસ્કૃતિ વિશે ગુજરાતીમાં વાતચીત કરવાનો મોકો મળ્યો. હવેથી અમે અમારા માતા-પિતાની મદદ વિના રહી શકીશું, તેમજ સ્વતંત્રપણે મુશ્કેલીઓનો સામનો કરી શકીશું. અમારી સંભાળ રાખનાર કુટુંબો સાથે જિંદગીભરનું જોડાણ રહેશે.

**F2:** વડોદરાના વિદ્યાર્થીઓ સાથે અમે *'જનસેવા'* નામની યોજનામાં ભાગ લીધો હતો. આજુબાજુનાં ગામડાંઓમાં ભણવાનું મફત હોવા છતાં, વાલીઓ બાળકોને નિશાળમાં મોકલતાં ન હતાં. અમે શિક્ષકોની મદદથી એક સભાનું આયોજન કરીને અભ્યાસ અને રમતગમતની અગત્યતા વિશે સમજાવ્યું. ત્યારબાદ, શાળામાં સંખ્યા વધી છે એ જાણીને અમે ખૂબ ખુશ છીએ.

## Shopping preferences

### Question 5

### Example:

**F2:** ગ્રાહકો ભારતને ખરીદીનું સ્વર્ગ* માને છે. હવે તેઓની ખરીદી કરવાની પદ્ધતિઓમાં પણ બદલાવ આવી રહ્યો છે.

### Question 5

**F2:** તેઓ ખરીદી કેન્દ્રો, નાનીમોટી દુકાનો, અને બજારોમાંથી રોજબરોજની ચીજવસ્તુઓ ખરીદે છે. જેમ કે, વસ્ત્રો, અનાજ, શાકભાજી અને અંગત વસ્તુઓ. ઘણાં લોકો ખુલ્લી બજારનાં ઘોંઘાટવાળા વાતાવરણમાં હરતાંફરતાં, વાતચીત કરતાં, નાનકડી ઢગલીઓમાં ગોઠવેલાં શાકભાજી અને ફળો ખરીદવાનું તેમજ, લારીમાંથી પાણીપૂરી કે ભેળ ખાવાનું પસંદ કરે છે. બસ, ભાવ કરાવવાની આવડત હોવી જોઈએ. અમુક લોકો, ખાસ કરીને યુવાનો, ગરમીમાં વાહનોની ભીડમાં કલાકો સુધી ખરીદી માટે જવાઆવવા માંગતા નથી. અઠવાડિયાના સાતે દિવસ, ચોવીસ કલાક ઑનલાઈન મળતી બધી વસ્તુઓના પ્રકાર અને ભાવની તપાસણી તથા સરખામણી કરી, પૈસા ચૂકવીને, ઘરેબેઠાં જ જોઈતી ચીજો મંગાવી લે છે. શું ભવિષ્યમાં ટેકનૉલોજીને લીધે માનવ સંપર્કો તૂટી તો નહીં જાયને?

*સ્વર્ગ - paradise

## Annual reading festival

### Question 6

**M2:** વાંચનની ટેવ કેળવવા માટે, બાળકોને પ્રોત્સાહિત કરવા અમારી નિશાળે, *આજે એક વાચક, આવતી કાલે એક નાયક** નામના વાંચન ઉત્સવનું આયોજન કર્યું હતું. મુખ્ય મહેમાન, જાણીતા વાર્તાકાર, શ્રીમતી કુસુમબહેન દેસાઈએ, તેમના ભાષણમાં બાળકોને, પુસ્તકો, સામાયિકો, વર્તમાનપત્રો, નકશાઓ જેવાં વાંચનની સારી ટેવ વિકસાવવા, અને મેળવેલા જ્ઞાનનો જીવનમાં ઉપયોગ કરવા વિશે સલાહ આપી હતી.

સવારનો કાર્યક્રમ આનંદકારી હતો. તેમાં દરેક વર્ગમાંથી બાળકોએ તેઓના વાંચનમાંથી મનપસંદ પાત્રનો પોશાક પહેરીને, જુદી જુદી ભાષાઓમાં, લેખ, વાર્તા, ગીત તેમજ સુંદર નૃત્યો રજૂ કર્યાં. સહુએ ખૂબ જ તાળીઓ પાડીને આનંદ દર્શાવ્યો. બપોરે દેશવિદેશના લેખકોના વર્ગોમાં, વિદ્યાર્થીઓ આત્મકથા, સાહસિક, વૈજ્ઞાનિક અને ઐતિહાસિક વાંચન, તેમજ ઑડિયો પુસ્તકોના ફાયદા વિશે શીખ્યાં. બાળકોને એટલો રસ જાગ્યો, કે લેખકોનાં સહી કરેલાં પુસ્તકો ખરીદવાની તેઓની આતુરતા, આ દિવસની સફળતા પુરવાર કરતી હતી.

*નાયક - leader

## Attractions of Gujarat

### Question 7

**F1:** ભાવના, ઇતિહાસના વિષયમાં ભણ્યા પછી, *રાણીકી વાવ* મારી મનપસંદ જગ્યાઓમાંની એક છે. એ વર્ષો પહેલાં સોલંકી કુટુંબના ભીમદેવ રાજાની યાદમાં, પાટણના પાટનગરમાં, સરસ્વતી નદી પાસે બાંધવામાં આવી હતી. જમીનથી ભૂગર્ભમાં પાણી સુધીનાં પગથિયાં ઊતરતાં, આઠસોથી વધુ ભગવાનની, અને અન્ય અદ્ભુત કોતરકામવાળી મૂર્તિઓ જોવા જેવી છે.

બીજું છે, ભાવનગર જિલ્લાના પાલીતાણા શહેરમાં, શત્રુંજય નદી પાસે આવેલું, જૈનોનું સૌથી પવિત્ર અને ધાર્મિક સ્થળ *શત્રુંજય,* જેની ટેકરીઓ પર કોતરેલાં પ્રાચીન જિનમંદિરો છે. હજારો પગથિયાં ચડીને મુખ્ય મંદિરે, ભગવાનની પૂજા અને પ્રાર્થના કરીએ ત્યારે, મનને એટલી શાંતિ મળે!

**F2:** અરૂણા, મને તો મનની શાંતિ માટે પર્યાવર્ણીયલક્ષી જગ્યાઓ ગમે. એમાંની એક છે સુરત પાસે, પૂર્ણા નદીને કાંઠે, વન્યપ્રદેશના વાતાવરણમાં આવેલી *મહાલ ઇકો કેમ્પસાઇટ.* અહીં બધાં સાધનો સૂર્યની ઊર્જાથી ચલાવવામાં આવે છે. માર્ગદર્શક સાથે, ચાલવાના તથા દીવાલો ચઢવાના, તેમજ પશુપંખીઓ જોવાના પ્રવાસોમાં જવાથી, કુદરતનો આનંદ લેવાની તક મળે.

## Bridal wedding attire

### Question 8

**Example:**

**F2:** નમસ્તે, મારા લગ્ન માટે મારા સાસુએ મને એક ઘરચોળું ખરીદવાનું કહ્યું છે, પણ મને ખબર નથી કે ઘરચોળું એટલે શું?

### Question 8 Part (a)

**M2:** આવો, અહીં બેસો. ઘરચોળું એક એવી સાડી છે, જે નવી વહુને વરરાજાના કુટુંબ તરફથી, આશીર્વાદરૂપે ભેટ આપવામાં આવે છે, અને એ જ સાડી તે પોતાના લગ્ન સમયે પહેરે છે. સૌ પ્રથમ, તેનો જન્મ રેશમ ઉદ્યોગ માટે પ્રસિદ્ધ ખંભાત ગામમાં થયો હતો. અગાઉના પરંપરાગત કારીગરો, સુતરાઉ વસ્ત્રને બાંધી, લાલ રંગથી રંગી, બાંધણીની કળા વાપરીને આ કાપડ બનાવતાં. જામનગરનો લાલ રંગ ખૂબ વખણાય. આજકાલ, કળાક્ષેત્રમાં એટલી પ્રગતિ થઈ છે, કે અનેક જાતની કારીગરીના અનોખાં ઘરચોળાં બને છે.

### Question 8 Part (b)

**F2:** તમારી પાસે કેવાં ઘરચોળાં છે?

**M2:** અમારી પાસે વિવિધ પ્રકારનાં ઘરચોળાં છે. હલકાં, ભારે, સુતરાઉ, રેશમ તથા સુતરાઉ-રેશમ મિશ્રિત કાપડનાં સુંદર ભરતકામવાળા ઘરચોળાં છે. ચોરસ, ગોળ અને બીજા અનેક આકારોવાળી બાંધણીનાં લાલ અને લીલાં ઘરચોળાં ખૂબ લોકપ્રિય છે, પરંતુ, હવે તેમાં પીળા અને કેસરી જેવા રંગો પણ પ્રચલિત છે. તેના પર પંખીઓ, હાથી, કમળ અને બીજાં ફૂલોનાં ભરેલાં ચિત્રો પણ હોય છે. એમાંય, અમારાં સોનેરી-રૂપેરી પટ્ટાવાળાં ઘરચોળાં, ભારતભરમાં બીજે ક્યાંય જોવા નહિ મળે. ઘરચોળાંને કાપડની થેલીમાં રાખવાથી કાયમ ચળકતાં રહેશે.

## International Talent Show

**Question 9**

**Question 9 Part (a)**

**M1:** અમારા યુવાકેન્દ્રો જગતભરમાં છે. આ વર્ષે જરૂરતમંદો માટે દાન ભેગું કરવા માટેનો કાર્યક્રમ યોજવાની જવાબદારી અમારી હતી. બધા સભ્યો હાજર રહી ન શકતા હોવાથી, અમે ઝૂમ પર ઑનલાઈન આંતરરાષ્ટ્રીય ટૅલેન્ટ શો રજૂ કરવાનું નક્કી કર્યું. વિડીયોમાં સામસામે એકબીજાને જોઈને વાતચીત કરી શકાય, તેવી આધુનિક ડિજિટલ ટેક્નૉલોજીની વિશિષ્ટતા છે ઝૂમ. પહેલી વખત બધાં યુવા કેન્દ્રના યુવક-યુવતીઓને, તેઓની પ્રતિભા દર્શાવવાની તક મળી હતી. કાર્યક્રમ પહેલાં અમારાં કેન્દ્રના યુવા ચિત્રકારોએ સુંદર રીતે કાર્યક્રમના વિગતપત્રક, સમયપત્રક, આમંત્રણ પત્રિકા, ભાગ લેનારાઓના અને ફંડફાળાના નોંધણીપત્રો બનાવ્યાં.

**Question 9 Part (b)**

**M1:** સ્થાનિક યુવાકેન્દ્રના મુખી તરીકે, ઝૂમનું ખાતું ખોલવાની, ઇ-મેઇલ તથા ટેલિફોન દ્વારા માહિતી મોકલવાની જવાબદારી મારી હતી. ખૂબ ઉત્સાહથી સાત વાગ્યે સૌને આવકારી, દીવો પ્રગટાવી*, ભક્તિ ગીત ગાઈને કાર્યક્રમની શરૂઆત થઈ. સંગીતના સૂર અને ગીતો સાથે, કલાકારોનાં ભારતીય નૃત્યો, અને હાથકળાના ખેલ, તેમજ અંગકસરતની રજૂઆત જોઈને બધા આભા* બની ગયા હતા. કાઠિયાવાડી બોલીમાં વિનોદી ટુચકાઓ* સાંભળીને, સૌ પેટ પકડીને હસ્યાં હતાં. જોતજોતામાં, દાન માટે દસ હજાર પાઉન્ડ નોંધાઈ ગયા. મનને એટલો સંતોષ થયો, કે હવે ગુજરાતના બેઘર લોકોને છત મળી શકશે.

*દીવો પ્રગટાવવો – to light an Indian lamp

**આભા- mesmerise

***ટુચકાઓ - jokes

## My ideal person

**Question 10**

**Example**:

**F1:** મારા આદર્શ વ્યક્તિ ભારતના જ નહીં, પણ દુનિયાના સૌથી શક્તિશાળી નેતા* છે.

**Question 10 Part (i)**

**F1:** મારા આદર્શ વ્યક્તિ છે વિશ્વપ્રખ્યાત રાજકારણી*, ભારતના વડાપ્રધાન*, શ્રીમાન નરેન્દ્ર દામોદરદાસ મોદી. એક મધ્યમ વર્ગના ગુજરાતી પરિવારમાં જન્મેલ, સાદગીભર્યું જીવન જીવનાર તેઓ, ભારતીયો માટે એક મોટી આશા છે. દેશ અને કુટુંબપ્રેમી મોદીજી, હંમેશાં માતાનાં આશીર્વાદ લઈને નવાં કાર્યની શરૂઆત કરે. રોજના સોળ કલાક કામ કરનાર ખૂબ કાર્યલક્ષી મોદીજી, દયામય અને નમ્ર વ્યક્તિ છે. મોદીજીની યોજનાઓ મારા જેવા યુવાનોની આશાઓ પૂરી કરે છે. હાલમાં, મોદીજીના બાળપણ પર આધારિત ફિલ્મ *ચલો જીતે હૈ* આપણને કુટુંબનાં મૂલ્યો અને જીવન જીવવાની રીત શિખવાડે છે.

**Question 10 Part (ii)**

**F1:** શ્રીમાન મોદી, સાદો અને સુંદર ભારતીય પહેરવેશ પસંદ કરે છે. મોદીજી ફેસબુક અને ટ્વિટર જેવાં સામાજિક મીડિયાનો સક્રિયપણે ઉપયોગ કરે છે. યુવાનોને ખ્યાલમાં રાખી પાંચસોથી વધુ રેલવે સ્ટેશનો પર વાઇફાઇની સુવિધા મૂકવામાં આવી છે. તેમની અમુક વાતો તો મનમાં ઊતરી જાય એવી છે, દાખલા તરીકે "આજે ભારતના યુવાનો પાસે વિશાળ તકો છે. તમારી જાત પર વિશ્વાસ રાખો, અને જીવનની દરેક ક્ષણનો આનંદ લો. આપણે સાથે ચાલીશું, સાથે વિચારીશું અને સાથે આગળ વધીશું, તો આકાશ સુધી પહોંચીશું. આ જ સફળતાનો માર્ગ છે".

*નેતા - leader

**રાજકરણી - politician

***વડાપ્રધાન – Prime Minister